ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આવતીકાલે મુક્તિધામમાં રાતભર વાંસળીના સૂરો રેલાશે

### સતત ૨૧માં વર્ષે ૭૦ વર્ષીય 'પારેખદાદા' તેમના તબલાંવાદકો સાથે મુક્તિધામ ખાતે વાંસળી વાદનનો કાર્યક્રમ કરશે : કારતકની શિવરાત્રીએ નિજાનંદ સાથે મૃતાત્માઓના આત્માની શાંતિ માટે અનોખુ આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે. ૩૦માં આવેલ મુક્તિધામ સ્મશાન ખાતે તા. ૨૧મી નવેમ્બર શુક્રવારે કારતક શિવરાત્રીની રાત્રીએ વાંસળીના સૂરો રાતભર રેલાશે.



નગરના ૭૦ વર્ષીય વાંસળીવાદક પ્રવિણચંદ્ર પારેખ દ્વારા સતત ૨૧માં વર્ષે આ અમાસે આ સંગીત કાર્યક્રમ યોજાશે. જેમાં આખી રાત વાંસળી અને તબલાના તાલે વિવિધ સંગીત રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ રાત્રે ૯.૦૦ વાગે ચાલુ થશે. જે સવારના ૪.૦૦ વાગ્યા સુધી ચાલશે.

'પારેખદાદા'ના હુલામણા નામથી ઓળખાતા પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ છેલ્લા ૨૧ વર્ષથી દર વર્ષે કારતક માસની અમાસે ગાંધીનગરના સ્મશાનમાં વાંસળી વાદન કરે છે. આ વાંસળી વાદન તેમણે નિજાનંદ અને સાથે મૃતાત્માઓના આત્માની શાંતિ માટે ચાલુ કર્યું હતું. વર્ષો પહેલા પેથાપુર ગામના ભીમનાથ મહાદેવ ખાતે ૯૦ વર્ષના રાજેશ્વરાનંદજી જેઓ મોટે ભાગે મૌન રહેતા હતા તેમની પ્રેરણાથી પારેખદાદાએ ૨૧ વર્ષ પહેલા સ્મશાનમાં વાંસળી વગાડવાનું ચાલુ કર્યું હતું. પ્રવિણચંદ્ર પારેખની વેદના એ હતી કે દરેક ધર્મસ્થળે અને દરેક જગ્યાએ સંપ્રદાયના ભેદભાવ કરવામાં આવે છે. રાજેશ્વરાનંદજી મહારાજે તેમને સ્મશાનમાં કોઈ ભેદભાવ હોતો નથી અને ત્યાં બદા સરખા છે તેવું જ્ઞાન આપતા તેમણે સ્મશાન એ શિવનુ પ્રિય સ્થળ છે માટે ત્યાં તું સંગીત સાધના કર તેવી પ્રેરણા આપી હતી. સ્મશાનમાં તેઓ રાત્રે ૯.૦૦ વાગ્યાથી સવારના ૪.૦૦ વાગ્યા સુધી વિવિધ સંગીત રજૂ કરે છે. જેમાં વાંસળીવાદન, માતાજીના છંદ-સ્તુતિ અને ગરબા, સંતવાણી ભજન, હવેલી સંગીત, ગઝલો વગેરે પ્રસ્તુત કરે છે. અંતે સવારે ૪.૦૦ વાગે પ્રભાતિયાં અને ત્યાર બાદ રાગ ભૈરવી દ્વારા સમાપન કરવામાં આવે છે. પ્રારંભના વર્ષોમાં માત્ર કુટુંબની

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

સ્વર્ણિમ પાર્કની સજાવટ - ગ્લોબલ વાયબ્રન્ટસમિટની તારીખ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ તૈયારીઓની ગતિ વધતી જાય છે... ગાંધીનગરના હાર્દસમા ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં નિર્માણ પામી રહેલ સ્વર્ણિમ પાર્ક હવે લગભગ પૂર્ણતાને આરે છે ત્યારે રાતદિવસ કામગીરી ચાલી રહી છે... ગાંધીનગર શહેરનું એક નવું નજરાણું નિર્માણ પામી રહ્યું છે...

# નવા સેક્ટરોમાં નીલગાયનો ભયંકર ત્રાસ

### વસાહતી વિસ્તારમાં ફરતી નીલગાયો ક્યારેક વસાહતીઓને નુકશાન પહોંચાડે તેવી સંભાવના : જંગલ વિસ્તારમાં નીલગાયોને મુકી આવવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની નજીક આવેલા સેક્ટર-૮, સેક્ટર-૧, સેક્ટર-૨ અને સેક્ટર-૭ માં ત્રણથી ચાર જેટલી નીલગાય નીયમીત રીતે આંટા મારતી જોવા મળે છે. આ નીલગાય નાનુ મોટુ નુકશાન પહોંચાડે છે. વસાહતીઓને તે વધુ નુકશાન પહોંચાડે તે પહેલા તેમને જંગલ વિસ્તારમાં મુકી આવવા વસાહતીઓએ રજુઆત કરી છે.

ગાંધીનગરની નજીક જંગલ વિસ્તાર હોવાથી રહેણાંક વિસ્તારમાં અવારનવાર વાંદરાઓ, મોર, સાપ, નીલગાય જેવા પ્રાણીઓ-પક્ષીઓ જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી નવા સેક્ટરોમાં વાંદરા અને નીલગાયનો ત્રાસ વધી ગયો છે. ખાસ કરીને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની નજીક આવેલા સેક્ટર-૧, સેક્ટર-૨, સેક્ટર-૭, સેક્ટર-૮, સેક્ટર-૯ જેવા વિસ્તારોમાં નીલગાય-વાંદરા જેવા પ્રાણીઓએ વસવાટ જ શરૂ કરી દીધો હોય તેવું લાગે છે. નવા સેક્ટરોમાં તો ત્રણ થી ચાર જેટલી નીલગાય નિયમીત રીતે ફરતી જોવા મળે છે. ખાસ કરીને રાત્રીના સમયે તેઓની અવર-જવર વધી જાય છે. ક્યારેક નવા સેક્ટરોમાં નીલગાયના ટોળાં પણ જોવા મળી જાય છે.

આ નીલગાય રહેણાંક વિસ્તારમાં ફરતી રહેતી હોવાથી ક્યારેક નુકશાન પહોંચે છે. નીલગાય ફેન્સીંગને પણ ઠેકી છેક ઘરના દરવાજા સુધી આવી જાય છે. ઘર આંગણે બનાવેલ બગીચાઓને નુકશાન પહોંચાડે છે. ક્યારેક વાહનોને પણ નુકશાન પહોંચાડે છે. વળી તેઓ કોઈનાથી ડરતી ન હોવાથી અહીં જાણે તેઓએ ઘર બનાવી લીધુ છે. આ નીલગાય વસાહતીઓને વધુ નુકશાન પહોંચાડે તે પહેલા નીલગાયને જંગલ વિસ્તારમાં છોડી આવવા વસાહતીઓએ માંગ કરી છે.

# મોટર વ્હીકલ મીનીસ્ટ્રીયલ સ્ટાફ એસો.ની ચૂંટણી મામલે કર્મચારીઓમાં આક્રોશ

### છેલ્લા એક વર્ષથી ચુંટણીનો મામલો ગોથે ચઢયો! તાત્કાલિક ચુંટણી કાર્યવાહી માટે કમિશનરનો આદેશ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત મોટર વ્હીકલ મીનીસ્ટ્રીયલ સ્ટાફ એસોસિએશન (આર.ટી.ઓ.)ના હોદ્દેદારોની ચુંટણીનો મામલો છેલ્લા એક વર્ષથી ગોથે ચઢયો છે. આવા સંજોગોમાં એક યા બીજા બહાને મંડળની પાછી ઠેલાતી ચુંટણીની પ્રકીયા આગામી ૨૦ દિવસમાં પૂર્ણ કરી દેવા વાહન વ્યવહાર કમિશનરે સૂચના આપી છે. યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો કસુરવારો સામે પગલા લેવાશે તેવો પણ સૂર ઉઠવા પામ્યો છે.

ગુજરાત મોટર વ્હીકલ મીનીસ્ટ્રીયલ સ્ટાફ એસોસિએશન (આર.ટી.ઓ.)ના હોદ્દેદારોની મુદત પુરી થયા બાદ પણ લાંબા સમયથી મંડળના હોદ્દેદારોની ચુંટણી થઈ નથી. ગત તા. ૩૧ ડીસેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ હોદ્દેદારોની મુદત પૂર્ણ થઈ હતી જયારે આ પૂર્વે કારોબારી બેઠક પણ મળી હતી પરંતુ આ દરમિયાન હોદ્દેદારોની મુદત એક વર્ષ માટે લંબાવી દેવાઈ હતી જયારે આ મામલે ગેરબંધારણીય ઠરાવ થયા હોવાનો પણ રોષ ઉઠવા પામ્યો હતો. ગત તા. ૨૪ જૂનના રોજ વાહન વ્યવહાર કમિશનરે ગુજરાત મોટર વ્હીકલ મીનીસ્ટ્રીયલ સ્ટાફ એસોસિએશનની ચૂંટણી પ્રકીયા ૨૦ દિનમાં પૂર્ણ કરવા આદેશ કર્યા છે. લાંબા સમયથી ચૂંટણી ન થતા રાજયના આરટીઓ કર્મચારીઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. નિયત સમયમાં ચુંટણીની કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો હોદ્દેદારો સામે પણ પગલા લેવાશે તેવો સૂર ઉઠવા પામ્યો છે.

# ધો-૯ પ્રખરતા શોધ કસોટી અરજી ૨૪મી સુધી થઈ શકે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં તેજસ્વી વિદ્યાર્થીઓને અલગ તારવી તેમને શિક્ષણ માટે સહાયતા આપી શકાય તે માટે ધોરણ ૯ના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ કસોટી દર વર્ષે લેવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે લેવાનાર પ્રખરતા શોધ કસોટીની અરજી કરવાની મુદત ૧૭ નવેમ્બર હતી. જો કે, સંગ્રહિત માહિતી પત્રકો શાળાઓને મોડા મળવાને કારણે અરજી કરવાની તારીખ ૨૪મી નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ ૯ની પ્રખરતા શોધ કસોટીના સંગ્રહિત માહિતીપત્રક અને માર્ગદર્શક પુસ્તીકાગત વર્ષ જે શાળાઓને આ કસોટીમાં ભાગ લીધો હોય તેવી શાળાઓને મોકલી આપવામાં આવી છે.

જો કે, જે શાળાના બાળકોએ ગત વર્ષે પ્રખરતા શોધ કસોટી આપી ન હોય પરંતુ ચાલુ વર્ષે આ કસોટી આપવા માંગતા હોય તે શાળાઓએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેની અથવા શાળા વિકાસ સંકુલ ખાતેથી સંગ્રહિત પત્રકની નકલ તેમજ માહિતી પુસ્તિકા મેળવી લેવાની રહેશે. આ સંગ્રહિત માહિતી પત્રકની ઝેરોક્ષ કરાવીને વિદ્યાર્થીઓની માહિતી ભરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં મોકલી દેવાની રહેશે.

# દિલમાંથી પબ્લિસીટીની ગંદકી પણ ઉલેચવી જોઈએ : સુનિલ પાલ

### ફિલ્મ મની બેક ગેરન્ટીના પ્રમોશન માટે ગાંધીનગર આવેલા કોમેડી કીંગ સુનિલ પાલ મુંબઈમાં ફૂટપાથ પર રાતવાસો કરતા હતા

ગાંધીનગર, તા. ૧૯

સફાઈ અભિયાનમાં જોડાતા પહેલા દિલમાંથી પબ્લિસીટીની ગંદકી ઉલેચી નાખવી જોઈએ. આપણા કામમાં અને મનમાં પણ સફાઈ થવી અનિવાર્ય છે. આગામી તા. ૨૧ નવેમ્બરના રોજ રીલીઝ થનારી ફિલ્મ 'મની બેક ગેરન્ટી'ના પ્રમોશન માટે ગાંધીનગર આવેલા કોમેડી કીંગ સુનિલ પાલે સ્વચ્છતાના મિશનને બિરદાવ્યું હતું. સાથોસાથ ફિલ્મ અંગે પણ રસપ્રદ વાતો કરી હતી.

મુંબઈમાં ચા ની કીટલીએ નોકરી કરી ફૂટપાથ પર રાતવાસો કરીને કઠોર સંઘર્ષના દૌરમાંથી પસાર થયેલા કોમેડી કીંગ સુનિલ પાલને ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર




(તસવીર : કશ્યપ નિમાવત)

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં પોલીસ વાહનોના કાગળો અંગે આર.ટી.આઈ. કરાઈ

### નાગરિકોને ટ્રાફીક કાયદાનો પાઠ ભણાવનાર પોલીસ કેટલો અમલ કરે છે તેની વિગતોનો અરજીમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૯

રાજયભરમાં ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ ઝુંબેશનો પોલીસ દ્વારા કડક અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં અનેક વાહનચાલકો પાસેથી દંડની રકમ વસુલ કરવામાં આવી છે. પરંતુ ટ્રાફીક કાયદાનો પાઠ ભણાવનાર પોલીસ ખાતામાં જ તેનો ભંગ થતો હોવાનું એક નાગરીકને લાગતા તેમણે અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં માહિતી અધિકાર કાયદા હેઠળ અરજી કરી પોલીસ વાહનોના કાગળો બાબતે સવિસ્તાર માહિતી નિયમ મુજબ માંગી હોવાની વિગતો સાંપડી છે.

મળેલ માહિતી અનુસાર રાજ્યમાં નાગરિકો વાહન હંકારતી વખતે સલામતીના સાધનો પહેરતા નથી અને વાહન લગતા જરૂરી કાગળો સાથે રાખતા નથી તે વિગતોને ધ્યાને લઈ ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ રાજ્યભરમાં શરૂ કરાઈ છે. જેમાં અનેક નાગરીકો દંડનાત્મક કાર્યવાહીનો ભોગ બન્યા છે. પરંતુ પોલીસ પણ આ ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવમાં જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે રાખે છે કે કેમ? તે બાબતની સવિસ્તાર માહિતી રાજયના નાગરીક સંજયકુમાર રતિલાલ શાહે અમદાવાદ પોલીસ કમીશનર કચેરીમાં નમુનો-ક માહિતી મેળવવાની અરજીને નિયત ૬ મુજબ માંગી છે.

આ અરજીમાં જણાવાયું છે કે અમદાવાદ શહેરમાં કેટલા પોલીસ સ્ટેશનોના સાધનોમાં પિયુસી છે જેમાં આજ દિન સુધીનો પિયુસી ધારણકર્તાનો રેકોર્ડ અને વર્ષે કેટલા રૂપિયા પિયુસી મેળવવા ખર્ચાય છે. વધુમાં સરકારી વાહનોની હેડ લીટ ઉપર પીળો પટ્ટો કે કાળુ ટપકું કેટલા વાહનોમાં છે તેની માહિતી માંગી છે. કાયદા મુજબ ચાર પૈડાના વાહન ચલાવતાં તમામ કર્મચારી સીટ બેલ્ટ બાંધે છે અને સરકારી ગાડી ચલાવનાર પોતે ખિસ્સામાં લાયસન્સ રાખે છે કે કેમ તેની માહિતી પણ માંગી છે. ખાસ કરીને મોટર વ્હિકલ એક્ટ મુજબ સરકારી વાહનોમાં પિયુસી આર.સી. બુક, વિમાની પોલીસી, લાયસન્સ વગેરે કેટલા વાહનોમાં સાથે રખાય છે તેની પણ વિગતો માંગી છે.

૨૦૦૫ એક્ટ મુજબ માહિતી અધિકાર અન્વયે આ અરજદારે ૩ નવેમ્બર-૨૦૧૪ ના રોજ ઉપરોક્ત વિગતોની માંગણી કરેલ છે. જો કે દેશના કાયદાનો સર્વ નાગરીકોએ અમલ કરવાનો છે જેથી પોલીસ પણ તેનો અમલ કરે તે ઈચ્છનીય બન્યું છે.



એક્ઝીબિશન હૉલ - ગાંધીનગરમાં અતિઆધુનિક સુવિધાથી સુસજ્જ એક્ઝીબિશન હૉલ નિર્માણ પામી રહ્યો છે... દેશના અનેક એક્ઝીબિશન સેન્ટરોમાંથી શ્રેષ્ઠ બાબતોને આવરી લઈ આ એક્ઝીબિશન હૉલની ડિઝાઈન તૈયાર કરાઈ છે... સેક્ટર-૧૭માં હેલીપેડ મેદાન ખાતે વિવિધ આકાર અને કદના ચાર એક્ઝીબિશન હૉલ તૈયાર થઈ ગયા છે... વાયબ્રન્ટ સમિટ પૂર્વે આખરી ઓપ આપવાની કામગીરી રાત-દિવસ ચાલી રહી છે... ગાંધીનગરની આ નવી ઓળખ ઉપકારક બનશે... (તસવીર : દિપક જાની)

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **શંકરબા બાલુસિંહ રાઠોડ** કારતક વદ ૧૦, સોમવાર, તા. ૧૭/૧૧/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૨૧/૧૧/૨૦૧૪, શુક્રવાર**ના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : મુ.પો. મોયદ, વાસ રૂપાજી, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા

લિ.

**રાઠોડ રણજીતસિંહ બાલુસિંહ**
**રાઠોડ મહેન્દ્રસિંહ બાલુસિંહ**
**(પત્રકાર દિવ્ય ભાસ્કર, પ્રાંતિજ)**
**તથા રાઠોડ પરિવાર**
મો. ૯૪૨૮૮ ૩૩૩૫૩, ૯૫૭૪૮ ૮૫૬૮૯

# આજે અમદાવાદમાં અલભ્ય પુસ્તકોનું પ્રદર્શન યોજાશે

અમદાવાદ, તા.૧૯

દેશમાં ચાલી રહેલ રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની આવતીકાલે પૂર્ણાહૂતિ થવાની છે ત્યારે ગ્રંથાલય સપ્તાહની પૂર્ણાહૂતિ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ખાસ અલભ્ય ગ્રંથ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અલભ્ય ગ્રંથ પ્રદર્શનનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની સાથે સાથે શહેરીજનો પણ મેળવી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશમાં અત્યારે ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે જેના સમાપન પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગ્રંથાલયમાં ખાસ દુર્લભ ગ્રંથોનું પ્રદર્શન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલના હસ્તે કરવામાં આવશે. જે સાંજના ૫.૦૦ કલાક સુધી તમામ લોકો માટે ખુલ્લુ મુકવામાં આવશે. આ ખાસ ગ્રંથ પ્રદર્શનમાં મહાત્મા ગાંધી, નહેરુ, ઈન્દિરા ગાંધી, બાબા સાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી લેખિત તેમજ તેમના જીવન પર આધારિત ગ્રંથો જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવશે. આ ઉપરાંત કેટલાક આપ્રાપ્ય ગ્રંથો, ધાર્મિક ગ્રંથો, હસ્તપ્રતો, યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા લખાયેલા પુસ્તક, સંશોધનપત્રો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત ગ્રંથો અને સંદર્ભ ગ્રંથો પણ લોકો માટે ખુલ્લા મુકવામાં આવશે. આ દુર્લભ ગ્રંથ પ્રદર્શનનો લાભ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-કર્મચારીઓ ઉપરાંત શહેરીજનો પણ લઈ શકશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

આપના અવસરને ઉત્સવ બનાવો...
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
We will make your special moments alive
Wedding Photography & Video
Graphics & 2D-3D Animation
Live Video Coverage
Documentary Film
Ad Film
LED Wall Screen
VINAYAK Video Films
Contact No. : 98248 28169

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com